# MEDIA BUZZ

દિવ્ય ભાસ્કર | વડોદરા, ગુરુવાર, 11 ઓક્ટોબર, 2018

## વડોદરાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવા ઉડ્ડયન મંત્રીને રજૂઆત

બિઝનેશ રિપોર્ટર | વડોદરા

શહેરના સાંસદ રંજનબેન ભટ્ટ તથા એફ.જી.આઈના પ્રતિનિધી મંડળ દ્વારા દેશના ઉડ્યન મંત્રીને વડોદરાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવા માટે અને એરપોર્ટ પરથી વધારે સ્થાનિક ફ્લાઈટને શરૂ કરવા માટેની રજુઆત કરાઈ હતી. તાજેતરમાં વડોદરાથી હૈદરાબાદ ની ફ્લાઈટ શરૂ કરાઈ હતી.મંગળવારે સાંસદ રંજનબેન ભટ્ટ અને એફ.જી. આઈના પ્રતિનિધી મંડળ દ્વારા ઉડ્યન મંત્રી સુરેશ પ્રભુને મળીને ફ્લાઈટ કનેક્ટીવીટી તથા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને ધ્યાનમાં રાખીને રન-વે વધારવામાં આવે તેવી રજુઆત કરી હતી.ઉડ્યન મંત્રી સાથેની મિટીંગમાં મધ્ય ગુજરાતમાં ફ્લાઈટ કનેક્ટીવીટી અંગેની જરૂરીયાત મંત્રી સમક્ષ મુકવામાં આવી હતી.મિટીંગ બાદ મંત્રીએ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવામ માટે અને એરપોર્ટ પર સ્થાનિક ફ્લાઈટની કનેક્ટીવીટી વધારવા અંગે ઝડપી કામગીરી કરવાની બાંહેધારી આપી હતી. ઉલ્લેખનીય છે કે વડોદરાથી ફ્લાઈટ કનેક્ટીવીટી વધારવા માટે એફ.જી. આઈ અને સાંસદ દ્વારા સમયાંતરે પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

SANDESH | SATURDAY, 13•10•2018

વડોદરાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા એર નેટવર્ક પણ જરૂરી

## વડોદરાને ઈન્ટર. ફ્લાઈટ આપવા ઉડ્ડયન મંત્રીને સાંસદની રજૂઆત

હબ એન્ડ સ્પોક અને કાર્ગોની સુવિધા તેમજ રનવે વધારવાની માગણી કરી

। વડોદરા ।

સરદાર સરોવર ડેમ ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટિનુ કામ પૂર્ણ થઈ ગયુ છે અને મહિનાના અંતે લોકાર્પણ થવાનુ છે ત્યારે વડોદરાને પ્રવાસન સ્થળ તરીકે વિકાવવા માટે એર નેટવર્ક પણ મહત્વનુ છે. ત્યારે વડોદરાને ઈન્ટરનેશનલ ફ્લાઈટ આપો તેવી માગણી સાથે વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ તેમજ FGIના સેક્રેટરી જનરલ નિતેષ પટેલે કેન્દ્રના નાગરિક ઉડ્યન મંત્રી સુરેશ પ્રભુને રજૂઆત કરી હતી.

દિલ્હી પહોંચેલા વડોદરાના સાંસદ કેન્દ્રીય નાગરિક ઉડ્યન મંત્રી સુરેશ પ્રભુને મળ્યાં હતાં અને તેમની સાથે વડોદરાના એરપોર્ટ બાબતની ગંભીર વિષયો પર ચર્ચાગોષ્ઠી કરી હતી. સાંસદ રંજનબેન ભટ્ટે રજૂઆત કરતાં કહ્યું હતું ...



ઇન્ટર નેશનલ ફ્લાઇટ માટે સાંસદ રંજનબેન ભટ્ટ તેમજ FGIના સેક્રેટરી જન. નિતેષ પટેલ તેમજ સી.એ. સંજીવ શાહે ઉડ્યન મંત્રી સુરેશ પ્રભુને રજૂઆત કરી હતી

... ઉપલબ્ધ છે.

માત્ર સ્ટાફ, સિક્યુરિટી અને સુવિધા ઊભી કરવાની જરૂર છે. આવી જ રીતે ... આબુદાબીની ફ્લાઈટ વડોદરાથી ઉડન ભરાવવા જેટ એરવેઝ તૈયાર છે તો તેને મંજૂરી આપો તેમજ વડોદરા એરપોર્ટની ...

SUNDAY, 21•10•2018 | SANDESH

DGFTએ આપેલી મુક્તિની સમય મર્યાદા ૧૫મી નવેમ્બરના રોજ પૂર્ણ થાય છે

## ફાર્મા નિકાસકારોને dava.comમાં નોંધણીની મુક્તિ આપો

નિકાસકારોની માંગ | એફજીઆઈ દ્વારા કેન્દ્રિય વાણિજ્યમંત્રી સુરેશ પ્રભુને રજૂઆત

। વડોદરા ।

કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ્સ ( DGFT)એ આપેલી છ મહિનાની મુક્તિ પૂર્ણ થતાં દેશના ફાર્મા નિકાસકારોને ડ્રગ ઓથેન્ટિકેશન એન્ડ વેરિફિકેશન એપ્લિકેશન્સ (dava.com) ઉપર ... રજૂઆતમાં જણાવ્યું છેકે, ભારતમાંથી દવાઓ આયાત કરનારા કોઈ દેશે ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમથી જ દવાઓ નિકાસ કરવાની કોઈ માગણી કરી નથી. વૈશ્વિક ધોરણે ગુણવત્તા યુક્ત દવા ઉત્પાદન માટે પગલાં લેવાય છે ત્યારે પેરેન્ટ ચાઈલ્ડ બારકોર્ડિંગની આ સિસ્ટમમાંથી ઉદ્યોગોને મુક્તિ ... આગામી સમયમાં ૩૨ ટકા જેટલો થશે. ૪૦૦૦ ઉપરાંત લાયસન્સ મેન્યુફેકચરર્સ છે ત્યારે દવા ડોટ કોમ ઉપર તમામ નિકાસની પ્રક્રિયા અપલોડ કરવા માટે એમએસએમઈ એકમોને ખર્ચાળ હાર્ડવેર અને સોફ્ટવેર વસાવવા પડે. જેમાં પ્રોડક્ટ માસ્ટર ડેટા, પ્રોડકશન બેચ માહિતી અને સિરિયલ તથા શિપમેન્ટની માહિતી અપલોડ કરવી પડે. એક ...કફ રૂપિયો ઘસાઈ રહ્યો છે. ઓઈ...ના ભાવ વધી રહ્યા છે, ફુગાવો ...ધી રહ્યો છે તેવા સંજોગોમાં લઘુ અને મધ્યમ સ્તરના ફાર્મા ઉદ્યોગોને ટકી રહેવા માટે પણ વધુ મહેનત કરવી પડે છે ત્યારે સરકાર દવા ડોટ કોમ ઉપર ફરજિયાત ડેટા અપલોડ કરવાથી મુક્તિ આપે તે જરૂરી છે.

### વિદેશી ઓથોરિટીઓના નિયમોનું પાલન થાય છે

ભારતમાંથી વિદેશમાં દવો નિકાસ કરવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થાની ગુડ મેન્યુફેકચરિંગ પ્રેક્ટિસનો અમલ ભારતીય કંપનીઓ કરે છે. બીજી તરફ અમેરિકા માટે યુએસએફડીએ, જાપાન માટે પીએમડીએ, યુરોપિયન યુનિયન માટે ઇ ડીક્યુએમ, યુકે માટે યુકેએમએચઆરએની મંજૂરી દવા ઉત્પાદકો મેળવતા જ હોય છે.

### તો ૧૫.૧૫ કરોડ બારકોડ લગાવવા પ...

- સરેરાશ દવાના ફોર્મ્યુલેશનન્સ કંટેઇનરમાં ૧૦૦૦ થી ૧૫૦૦ શિપર્સ ( ટર્શરી પેકેજ ) હોય છે.
- દરેક શિપર્સમાં ૧૦૦ થી ૧૦૦૦ કાર્ટન્સ હોય છે. (સેકેન્ડરી પેકેજિંગ)
- દરેક કાર્ટનમાં ૧ થી ૧૦૦ બ્લિસ્ટર્સ, સ્ટ્રિપ્સ, બોટલ્સ, વાયલ્સ વગેરે હોય છે.(પ્રાયમરી પેકેજિંગ)
- દરેક કંટેઇનરમાં ૧ લાખથી ૧૫ લાખ સેકેન્ડરી પેકેજિંગ હોય છે
- એક લાખથી ૧૫ લાખ પ્રાયમરી પેકેજિસ, ભારતમાંથી નિકાસ થતાં દરેક કંટેઇનરની દવાઓ ઉપર ૨ લાખથી ૧૫.૧૫ કરોડ બારકોડ લાગે

### હલકી નિકાસ અટકાવવાનો દાવો

કેન્દ્ર દ્વારા ભારતમાંથી નિકાસ થતી હલકી કક્ષાની દવાઓ અટકાવવા માટે પેરેન્ટ ચાઇલ્ડ બારકોડિંગનો અમલ કરવા દવા ડોટ કોમમાં માહિતી અપલોડ કરવાનો હેતુ છે.

ગુજરાત સમાચાર | રવિવાર, તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૧૮

ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડના

## ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાના નિયમ સામે ફાર્મા ઉદ્યોગમાં નારાજગી

વડોદરા,શનિવાર

કેન્દ્ર સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા દવા (ડ્રગ ઓથેન્ટિકેશન એન્ડ વેરિફિકેશન એપ)એપ પર ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી માટે રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવા સામે શહેરના ફાર્મા ઉદ્યોગમાં નારાજગી જોવા મળી રહી છે.

### નાની અને મધ્યમકદની કંપનીઓને આ નિયમના કારણે સહન કરવુ પડશે તેવો સૂર: એફજીઆઈ દ્વારા રજિસ્ટ્રેશનનો નિયમ દુર કરવા માંગ

દવા એપ પર રજિસ્ટ્રેશન કરાવવા માટેનો આદેશ લગભગ ૬ મહિના પહેલા બહાર પાડવામાં આવ્યો હતો.તે વખતે પણ નાના અને મધ્યમ કદના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો.એ પછી ડીજીએફટી દ્વારા ૧૫ નવેમ્બર સુધી રજિસ્ટ્રેશન કરાવવામાંથી મુક્તિ અપાઈ છે.

એ પછી ઉદ્યોગોને રજિસ્ટ્રેશન કરાવવુ પડશે.જોકે ફાર્મા ઉદ્યોગો વતી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા ફરી સરકારને એક પત્ર લખવામાં આવ્યો છે.જેમાં કાયમી ધોરણે રજિસ્ટ્રેશનના નિયમમાંથી નાના અને મધ્યમકદના ઉદ્યોગોને મુક્તિ આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ફાર્મા ઈન્ડસ્ટ્રિઝ સાથે સંકળાયેલા સૂત્રોનુ કહેવુ છે કે દેશના દવા ઉદ્યોગોમાં અને દેશ બહાર થતી નિકાસમાં ગુજરાતની નાની અને મધ્યમ કદની દવા કંપનીઓનો પણ બહુ મોટો ફાળો છે.આ કંપનીઓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અને જે દેશમાં દવા એક્સપોર્ટ થતી હોય તે દેશના ધારાધોરણોનુ પાલન કરી જ રહી છે.આ સંજોગોમાં એપ પરનુ રજિસ્ટ્રેશન બિનજરૂરી છે.

ઉપરાંત એપ પર રજિસ્ટ્રેશન કરાવવા માટે કંપનીઓને પેરેન્ટ-ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમ લાગુ કરવી પડે તેમ છે.જેનો પણ ઉદ્યોગો વિરોધ કરી રહ્યા છે.કારણકે આ સિસ્ટમ લાગુ કરવા સોફ્ટવેર અને હાર્ડવેર પાછળ એકાદ કરોડનો ખર્ચ થાય તેમ છે.જે નાની ફાર્મા કંપનીઓને પોસાય તેમ નથી.

સૂત્રોના કહેવા પ્રમાણે આ નિયમના કારણે નાની અને મધ્યમ કદની કંપનીઓને નુકસાન થશે અને મોટી કંપનીઓનુ જ એક્સપોર્ટમાં વર્ચસ્વ રહેશે.જેના કારણે સરકારે આ નિયમને લાગુ કરતા પહેલા પુનઃ વિચારણા કરવાની જરુર છે.

### ભારતમાંથી નિકાસ થતી દવાઓમાં ગુજરાતનો ફાળો ૨૮ ટકા

સૂત્રોનુ કહેવુ છે કે દેશમાં દવા ઉદ્યોગનુ ટર્નઓવર લગભગ બે લાખ કરોડ રુપિયાનુ છે.જેમાં ગુજરાતના ફાર્માસ્યુટિકલ સેક્ટરનો હિસ્સો લગભગ ૩૦ ટકા જેટલો છે.ઉપરાંત ભારતમાંથી જે પણ દવાઓ એક્સપોર્ટ થાય છે તેમાં પણ ગુજરાતનો હિસ્સો ૨૮ ટકા છે.તેમાં નાના અને મધ્યમકદના ઉદ્યોગોનુ નોંધપાત્ર યોગદાન છે.એપ પર ફરજિયાત રજિસ્ટ્રેશનના કારણે આ ઉદ્યોગોને સહન કરવુ પડશે.કારણકે રજિસ્ટ્રેશન માટે ઉદ્યોગ પાસે પેરેન્ટસ-ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમ હોવી જરૂરી છે.જે બધા ઉદ્યોગોને પોસાય તેમ નથી.

Printed from
THE TIMES OF INDIA

## Vadodara MP, FGI meet Union minister; seek international flights from city

TNN | Oct 11, 2018, 04.16 PM IST

VADODARA: Vadodara MP Ranjan Bhatt and Federation of Gujarat Industries (FGI) met Union civil aviation minister Suresh Prabhu and requested to start an international flights from Vadodara airport. They also made representation for extending the existing runway for regular international flights.

FGI officials said that they joined Bhatt on the behalf of industries. FGI authorities said that Prabhu called joint secretary and officials of civil aviation to expedite the process. Prabhu assured Bhatt and the delegates that the civil aviation ministry will consider sentiments of the people in central Gujarat and work on the matter swiftly to get the international flight operational.

The FGI has in past made representations to increase the connectivity from Vadodara airport to other cities. The industrial body feels that having more air connectivity with other cities will not just boost trade but also increase tourism.

# MEDIA BUZZ

SANDESH

WEDNESDAY, 7•11•2018

## બેંક ઓફ બરોડાનું નામ યથાવત રાખવા FGIની માગ

વડોદરા : કેન્દ્ર સરકાર દ્વારા બેંક ઓફ બરોડા, દેના બેંક અને વિજ્યા બેંકનું વિલિનીકરણ કરીને એક નવી બેંકની સ્થાપના કરવામાં આવનાર છે ત્યારે ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રિઝ દ્વારા બેંકનું નામ બેંક ઓફ બરોડા યથાવત રાખવા માટે માગણી કરાઈ છે. એફજીઆઈએ આ અંગે કેન્દ્રિય નાણાં મંત્રી અરૂણ જેટલી અને PMO હાઉસ ખાતે પણ પત્ર લખીને માગ કરી છે. એફજીઆઈના સેક્રેટરી જનરલ નિતેશ પટેલે જણાવ્યું છેકે, વિજ્યા બેંક, દેના બેંકનું વિલિનીકરણ દેશની બીજા નંબરની સૌથી મોટી બેંક બેંક ઓફ બરોડા સાથે થઈ રહ્યું છે, ત્યારે વડોદરાના મહારાજા સયાજીરાવ ...

SANDESH TUESDAY, 06•11•2018

ફાર્મા નિકાસકારોને દિવાળી ભેટ : હલકી કક્ષાની દવાઓની નિકાસ અટકાવવા માટેની જોગવાઈ

## ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમ હવે ૧ જુલાઈ, ૨૦૧૯ સુધી મોકૂફ

**રાહત** દવાડોટકોમ વેબ સાઈટ પર તમામ માહિતી અપલોડ કરવાની જોગવાઈ હતી

। વડોદરા ।

ગુજરાત સહિત દેશના ફાર્મા નિકાસકારોને કેન્દ્ર સરકારે દિવાળીની ભેટ તરીકે ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમનો અમલ આઠ મહિના સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝના પ્રમુખ નીતિન માંકડે આ જાહેરાતને આવકારી છે. તેમણે જણાવ્યું હતું કે, એફજીઆઈની રજૂઆતને કેન્દ્ર સરકારે માન્ય રાખી છે, તેના પગલે આ મહિનાથી ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમ અમલી બનવાની હતી, તે હવે આગામી તા.૧ જુલાઈ, ૨૦૧૯થી અમલમાં મૂકવાની જાહેરાત કેન્દ્રના વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના ફાર્મા નિકાસકારોને ડ્રગ ઓથેન્ટિકેશન એન્ડ વેરિફિકેશન એપ્લિકેશન્સ (dava.com) ઉપર ૧૫મી નવેમ્બર બાદ નિકાસ થનારી તમામ દવાઓના ડેટા અપલોડ કરવા જરૂરી બનનાર હતા. જોકે ૧ નવેમ્બરના રોજ ડીજીએફટી દ્વારા મુક્તિ મર્યાદા ૧ જુલાઈ, ૨૦૧૯ સુધી કરવામાં આવી છે. એફજીઆઈના સેક્રેટરી જનરલ નિતેશ પટેલે જણાવ્યું હતું કે, પેરેન્ટ ચાઈલ્ડ બારકોડિંગની આ સિસ્ટમનો અમલ કરવા માટે એમએસએમઈને ખાસ રોકાણ કરવું પડે તેવી સ્થિતિ હતી. હાલના આર્થિક સંજોગોમાં એમએસએમઈ માટે જંગી રોકાણ અને મેનપાવર વધારવો પડે તેમ હોવાથી મુક્તિ મર્યાદા વધારવા રજૂઆત કરવામાં આવી હતી. દેશના રૂ.૨ લાખ કરોડ ઉપરાંતના ફાર્મા ઉદ્યોગમાં ગુજરાતનો હિસ્સો ૩૧ ટકાથી ૩૨ ટકા છે અને આગામી ચાર-પાંચ વર્ષમાં ૪૦ ટકાથી ૪૨ ટકા થવાની શક્યતા છે. બીજી તરફ રૂ. એક લાખ કરોડની નિકાસમાં પણ ગુજરાતનો હિસ્સો ૨૮ ટકા છે. જે આગામી સમયમાં ૩૨ ટકા જેટલો થશે. ૪૦૦૦ ઉપરાંત લાઈસન્સ મેન્યુફેક્ચરર્સ છે ત્યારે દવા ડોટ કોમ ઉપર તમામ નિકાસની પ્રક્રિયા અપલોડ કરવા માટે એમએસએમઈ એકમોને ખર્ચાળ હાર્ડવેર અને સોફ્ટવેર વસાવવા માટે હવે જરૂરી સમય મળશે. આ સિસ્ટમ કે જેને ટ્રેક એન્ડ ટ્રેસ કહે છે જેમાં પ્રોડક્ટ માસ્ટર ડેટા, પ્રોડકશન બેચ માહિતી અને સિરિયલ તથા શિપમેન્ટની માહિતી અપલોડ કરાય છે. પેરેન્ટ ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમનો અમલ મોકૂફ થતાં ફાર્મા ઉદ્યોગોના સંચાલકોમાં પણ આનંદની લાગણી જન્મી હતી.

SANDESH SUNDAY, 11•11•2018

દેશમાં ૪૨% ફાર્મા ઉદ્યોગ રાજ્યમાં છતાં અમદાવાદમાં ઓફિસ નહીં

## અમદાવાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સની ઓફિસ શરૂ કરવા માગ


ડ્રગ્સ લાઈસન્સ માટે ફાર્મા ઉદ્યોગોને ગ્વાલિયર જવું પડે છે

। વડોદરા ।

દેશના ફાર્મા ઉદ્યોગમાં ૪૨ ટકા હિસ્સો ગુજરાતનો છે. ફાર્મા નિકાસમાં ૨૮ ટકા અને કેમિકલ ઉદ્યોગોમાં ૨૦ ટકા હિસ્સો ગુજરાતનો છે ત્યારે ગુજરાતમાં સેન્ટ્રલ બ્યૂરો ઓફ નાર્કોટિક્સની ઓફિસ શરૂ કરવા માટે ફાર્મા ઉદ્યોગોએ માગણી કરી છે. ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝે ફાર્મા ઉદ્યોગો માટે ડ્રગ લાઈસન્સિંગ ઓથોરિટી તરીકે સેન્ટ્રલ બ્યૂરો ઓફ નાર્કોટિક્સ કાર્ય કરે છે ત્યારે અમદાવાદમાં તેની ઓફિસ શરૂ કરીને ઉદ્યોગો માટે ઈઝ ઓફ ડુંઈગ તરીકે પગલાં લેવા માટે માગણી કરી છે. હાલમાં ગ્વાલિયર ખાતે સીબીએનની ઓફિસ આવી છે.

એફજીઆઈના સેક્રેટરી જનરલ નિતેશ પટેલે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીને પત્ર લખીને જણાવ્યું છે કે, હાલમાં ગ્વાલિયર ખાતે સીબીએન ઓફિસ આવેલી છે. ગુજરાતમાંથી ગ્વાલિયરને સીધી એર કનેક્ટિવિટી નથી. રેલ કનેક્ટિવિટી પણ ઘણી ઓછી છે. ગુજરાતના ફાર્મા અને કેમિકલ ઉદ્યોગોના સંચાલકોને ડ્રગ લાઈસન્સ માટે ફરજિયાત ગ્વાલિયર ખાતે ચારેક વખત જવું પડે છે.

ઓનલાઈન રજિસ્ટ્રેશન અને ક્લીયરન્સની સુવિધા હોવા છતાં અરજીથી લઈને પૂર્તતાના માટે ચાર વખત ગ્વાલિયર જવું પડે છે. મેઈક ઈન ઈન્ડિયાના સૂત્રને વધુ સાકાર કરવા માટે પણ આ જરૂરી છે.



### ફાર્મા સંચાલકો હાલ વિમાન માર્ગે દિલ્હી થઇને ત્યાંથી ગ્વાલિયર જાય છે

ઘણી ફાર્મા કંપનીના સંચાલકો ગ્વાલિયરની સીધી એર કનેક્ટિવિટી ન હોવાથી દિલ્હી જઈ ત્યાંથી ગ્વાલિયર જાય છે. જેના પગલે લાઇસન્સ મેળવવા માટેનો ખર્ચ ફાર્મા ઉદ્યોગોને વધુ થાય છે. ઇઝ ઓફ ડુઇંગ માટે અમદાવાદમાં સીબીએન ઓફિસ જરૂરી છે.

### દેશનું ફાર્મા હબ ગુજરાત બની રહ્યું છે

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં ફાર્મા સેક્ટરમાં મૂડી રોકાણનો દર ૫૪ ટકા CAGR જોવા મળ્યો છે. જીએસટીના અમલ બાદ જે ફાર્મા ઉદ્યોગો હિમાચલ પ્રદેશ અને સિક્કીમમાં કરવેરાની છૂટછાટ માટે સ્થળાંતરિત થયા હતા, તેમાંના ઘણા ઉદ્યોગો ગુજરાતમાં પરત આવી રહ્યા છે. જેના પગલે દેશનું ફાર્મા હબ ગુજરાત બની રહ્યું છે ત્યારે પણ સીબીએન ઓફિસ ગુજરાતમાં હોય તે જરૂરી છે.

### ૮૫,૦૦૦ લોકોને ફાર્મા ઉદ્યોગમાં રોજગારી

૮૫,૦૦૦ લોકોને ગુજરાતના ફાર્મા ઉદ્યોગમાં સીધી રોજગારી મળી રહી છે. આ ઉપરાંત પરોક્ષ રીતે જોતાં આ આંકડો ૧.૨૫ લાખથી ૧.૫૦ લાખ સુધી પહોંચ્યો છે. જો સીબીએન ઓફિસ ગુજરાતમાં હોય તો વધુ ઝડપથી ફાર્મા ઉદ્યોગો પરપ્રાંતમાંથી આવી શકે તેમ છે. અડધો અડધ જેટલો હાલમાં બિઝનેસ ગુજરાતમાં હોવા છતાં નાર્કોટિક્સ બ્યૂરોની ઓફિસ ન હોઇ ઇન્ડસ્ટ્રીને હાલાકી વેઠવી પડે છે.

SANDESH

MONDAY, 26•11•2018

મિનિ. ઈન્ડિકેટિવ એક્સપોર્ટ ક્વોટા ગણી લાભ આપો

## કેમિકલ ઉદ્યોગને થતું ખાંડનું વેચાણ ડિમ્ડ એક્સપોર્ટ ગણો

એફજીઆઈ દ્વારા કેન્દ્ર સરકારને રજૂઆત

। વડોદરા ।

ગુજરાતની કેમિકલ- ફાર્મા તથા ફૂડ ઈન્ડસ્ટ્રિઝમાં કાચા માલ તરીકે વપરાતી ખાંડનો પુરવઠો ડિમ્ડ એક્સપોર્ટ તરીકે ગણીને લાભ આપવાની રજૂઆત ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા કરવામાં આવી છે. એફજીઆઈના સેક્રેટરી જનરલ નિતેશ પટેલે કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય ખાતે કરેલી રજૂઆતમાં જણાવ્યું છેકે, ગુજરાતમાં કેમિકલ, ફાર્મા અને ફૂડ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા કાચા માલ તરીકે ખાંડનો જથ્થો ખરીદવામાં આવે છે.જોકે હાલમાં ખાંડની આયાત એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ તથા અન્ય સ્કીમ હેઠળ થાય છે.

ગુજરાતનો ઉદ્યોગોને વિશ્વના બજારમાંથી ખાંડ આયાત કરવાની મોંઘી પડે છે. આ સંજોગોમાં એડવાન્સ ઓથોરાઈઝેશન અને અન્ય કેન્દ્રિય સ્કીમો હેઠળ ખાંડ આયાત કરાય છે, બીજી તરફ સ્થાનિક બજારમાંથી જે ખાં[ડ] ખરીદાય છે તેનો ભાવ ઉદ્યોગોન[ા] ઉત્પાદક ખર્ચમાં ઉંચો ગણાય છે. આ સંજોગોમાં સરકારની નીતિ મુજબ ખાંડ મિલોએ ખાંડ મિનિમમ ઈન્ડિકેટિવ એક્સપોર્ટ ક્વોટા (MIEQ) હેઠળ નિકાસ કરવી અને ખાંડ પૂરવઠાની સબસિડી મેળવી સબસિડાઈઝ ભાવે વેચાણ આપવાની હોય છે.

એફજીઆઈ દ્વારા રજૂઆ[ત] કરવામાં આવી છે કે, ખાંડ ઉદ્યોગો[ને] ટેકો આપવા માટે પણ સરકા[ર] MIEQ હેઠળ વેચાણને મંજૂ[રી] આપવી જોઈએ. જે કેમિકલ, ફા[ર્મા] તેમજ ફૂડ ઉદ્યોગ માટે પ[ણ] ફાયદાકારક છે. કેમિકલ - ફા[ર્મા] અને ફૂડ ઉદ્યોગોને તેમનો કા[ચો] માલ સુગર મીલમાંથી ડિ[મ્ડ] એક્સપોર્ટ તરીકે ખરીદવા મા[ટે] મંજૂરી આપવામાં આવે તે જરૂરી છે. આ આયાત એમઆઈઈક્યુ સ્કીમ હેઠળ ગણવી જરૂરી છે.

### ગુજરાતમાં ફાર્મા, ફૂડ ઉપરાંત કેમિકલ કંપનીઓનું મહત્ત્વનું સ્થાન

દેશના ફાર્મા, કેમિકલ અને ફૂડ ઉદ્યોગોમાં ગુજરાતનું સ્થાન મોખરાનું રહ્યું છે. જીએસટીના અમલના પગલે હવે અન્ય રાજ્યોમાં ટેક્સનો લાભ લેવા માટે ગયેલા એકમો પણ ગુજરાતમાં પરત ફરી રહ્યા છે. આ સંજોગોમાં સરકાર ખાંડની ખરીદી કાચા માલ તરીકે કરવા માટે જરૂરી નિર્ણય લે તે જરૂરી છે.

# MEDIA BUZZ

SANDESH FRIDAY, 07•12•2018

### જૂના હોદ્દેદારોના જૂથ અને પ્રમુખના જૂથ વચ્ચે જંગ જામશે

## એફજીઆઈની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણીમાં રસાકસી જામશે

### અમિત ભટનાગર અને અમિત પટેલે મેનેજિંગ કમિટીમાંથી રાજીનામા આપ્યા છે

। વડોદરા ।

ગુજરાતમાં ૧૦૦ વર્ષ પુરા કરનારા ઉદ્યોગજગતની સંસ્થા ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ (એફજીઆઈ)ની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણીમાં રસાકસી જામશે. ૨ વર્ષ માટે ચૂંટાયેલા સભ્યોની મુદત માર્ચ ૨૦૧૯માં પુરી થાય છે. પણ નવા ૧૦ સભ્યોની ચૂંટણી માટે પ્રક્રિયા ૧૧મીથી શરૂ થશે.એફજીઆઈ દ્વારા ચૂંટણી અધિકારી તરીકે પૂર્વ પ્રમુખ ગીતાબેન ગોરડિયાની નિમણૂંક કરવામાં આવી છે.

એફજીઆઈના સૂત્રોએ જણાવ્યું હતુંકે.નોમિનેશન મંગાવવામાં આવતા હોય છે.જો ૧૦ સભ્યોની જગ્યા જેટલા જ હશે તો ચૂંટણી નહિ ... ૧૦થી વધુ સભ્યોએ મેનેજિંગ કમિટી માટે ઉમેદવારી કરી હશે તો ચૂંટણી અંગે નિર્ણય લેવામાં આવશે અને ચૂંટણી તારીખ પણ જાહેર કરી ૨૯મી ડિસેમ્બરે પરિણામ જાહેર કરાશે.

જે ૧૦ સભ્યોની મુદત પુરી રહી છે તેમાંથી કેટલાક ફરીથી પણ ઝંપલાવશે તેમ પણ મનાય છે. એફજીઆઈમાં હાલ તીવ્ર જૂથ બંધી જોવા મળી રહી છે.એક જૂથ જૂના હોદ્દેદારોનું છે. જ્યારે બીજું જૂથ વર્તમાન શાશકોનું મનાય છે.જોકે એફજીઆઈમાં કોઈ જૂથબંધી નથી તેવો પણ દાવો કરવામાં આવે છે. ભૂતકાળમાં પણ આવા દાવા થતા રહ્યા હતા.

ઉલ્લેખનીય છેકે, રૂ.૨૬૫૪ કરોડના બેંક લોન કૌભાંડમાં સીબીઆઈના કેસ બાદ જેલવાસ ભોગવી રહેલા અમિત ભટનાગરને જેલમાંથી મેનેજિંગકમિટીના સભ્ય તરીકે રાજીનામું મોકલવાની ફરજ પડી હતી.

બીજી તરફ લોન ભરપાઈ ન થતાં હાલમાં બેંકોએ જ જેમની કંપની જપ્ત કરી છે તેવા પૂર્વ પ્રમુખ અમિત પેટલે પણ મેનેજિંગ કમિટીમા પૂર્વ પ્રમુખના નામે મળેલા હોદ્દાને છોડવાની ફરજ પડી હતી.

#### એફજીઆઇની મેનેજિંગ કમિટીમાં યુવાન સભ્યોને રસ

એફજીઆઇમાં છેલ્લા કેટલાક વર્ષોથી યુવાન સભ્યોની સક્રીયતા મહત્વની બની છે. આ સભ્યો મેનેજિંગ કમિટીમાં પણ પ્રતિનિધિત્વ કરતા આવ્યા છે. આગામી મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં પણ યુવાન સભ્યો ઝંપલાવશે તેમ મનાય છે. એફજીઆઇમાં છેલ્લા કેટલાક સમયથી યોજવામાં આવેલા કાર્યક્રમોમાં પણ આ સભ્યોની સક્રિયતા નજરે પડી હોવાનું પણ બહાર આવ્યું છે. એફજીઆઇ વડોદરા જ નહિ પણ સમગ્ર ગુજરાતમાં મહત્વની ચેમ્બર બની છે ત્યારે તેની મેનેજિંગ કમિટીના સભ્ય પદે રહેવાથી ઉદ્યોગપતિઓનો મોભો પણ વધતો હોય છે. બીજી તરફ સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓમાં આ સભ્યોને માન મળતુ હોય છે. પોતાના અંગત બિઝનેશને વધારવા માટે પણ આ મહત્વની બાબત બનતી હોય છે.

ગુજરાત સમાચાર

શુક્રવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૧૮

### ૨૯ ડિસેમ્બરે પરિણામ જાહેર કરાશે

## એફજીઆઈની મેનેજિંગ કમિટિની ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવારો મેદાનમાં

વડોદરા,ગુરુવાર

મધ્ય ગુજરાતના સૌથી જુના ઔદ્યોગિક સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝની મેનેજિંગ કમિટિની ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવારો મેદાનમાં છે.આ ચૂંટણીનુ પરિણામ ૨૯મીએ જાહેર કરવામાં આવશે.

### એફજીઆઈમાં વધેલા મતભેદો અને જૂથવાદના કારણે અસંતોષ: સતત બે ટર્મથી ચૂંટણી યોજવાની ફરજ પડી રહી છે

એફજીઆઈમાં છેલ્લા કેટલાક વખતથી ...ારે જૂથવાદ જોવા મળી રહ્યો છે.તેમાં પણ ...મુખ તરીકે નિતીન માંકડના આવ્યા બાદ ... જૂથો વચ્ચેની તિરાડ વધારે પહોળી થઈ ... અને તેના કારણે પણ આ વખતે ચૂંટણીમાં ઝંપલાવનારા ઉમેદવારોની સંખ્યા વધી હોવાનો ગણગણાટ ઔદ્યોગિક વર્તુળોમાં થઈ રહ્યો છે.

મેનેજિંગ કમિટિની ૪૦ બેઠકો પૈકી ૨૦ બેઠકો પર સભ્યોની નિમણૂંક ચૂંટણી થકી થાય છે.દર વર્ષે ૧૦ સભ્યોની બે વર્ષની ટર્મ પુરી થતા તેમની ચૂંટણી થતી હોય છે.એફજીઆઈના સભ્ય હોય તેવા ઉદ્યોગો દ્વારા પોસ્ટથી વોટિંગ કરવામાં આવતુ હોય છે અને નક્કી કરેલી તારીખે પરિણામ જાહેર કરાતુ હોય છે.

આ વખતે ૧૦ સભ્યોની ચૂંટણી માટે કુલ ૨૩ ઉમેદવારોએ ઝંપલાવ્યુ હતુ પણ આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસ સુધીમાં ચાર ઉમેદવારોએ ફોર્મ પાછુ ખેંચતા હવે ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવારો ...

#### ઉમેદવારોના નામ જાહેર નહી કરાતા આશ્ચર્ય

ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારોના નામને ...ઈને એફજીઆઈના પ્રમુખ અને જનરલ ...ક્રેટરી ભારે ગુપ્તતા સેવી રહ્યા છે.જેના ...લે આશ્ચર્ય સર્જાયુ છે.આજે ઉમેદવારો ...ે પૂછવામાં આવતા પ્રમુખ નિતિન માંકડે ... પટેલને પૂછતા તેમણે કહ્યુ હતુ કે પ્રમુખે નામ નહી આપવા અને સીધા ચૂંટણીના દિવસે પરિણામ જાહેર કરવાની જ સૂચના આપી છે.

પ્રમુખ અને સેક્રેટરી દ્વારા આ રીતે થઈ ...

SANDESH SATURDAY, 8•12•2018

### નિવૃત્ત થતાં ચાર સભ્યોએ પુન: ઉમેદવારી નોંધાવી

## એફજીઆઈની મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં બે પૂર્વ પ્રમુખોએ ઝંપલાવ્યું

### જનરલ કેટેગરીની ૬ બેઠક માટે ૧૩, મહિલા બેઠક માટે ત્રણ ઉમેદવાર

વડોદરા : ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝની મેનેજીંગ કમિટીની ૧૦ બેઠક માટે ૧૦ ઉદ્યોગપતિઓએ ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારી કરનારાઓમાં બે પૂર્વ પ્રમુખોનો પણ સમાવેશ થાય છે. જૂનણા હોદ્દેદારોના જૂથ અને યુવાનોના જૂથ વચ્ચે આ ચૂંટણી જંગ ખેલાશે. પૂર્વ પ્રમુખ અમિત ગોરડિયા અને અતુલ પટેલે હોદ્દાની રૂએ મેનેજીંગ કમિટીના સભ્ય હોય છે પરંતુ સ્વીચ એક્ઝીબીશન વખતે જે રીતે વહિવટ થયા તેની તેમને આગળ આવવાની ફરજ પડી છે. દસ બેઠકમાંથી જનરલ કેટેગરીની ૬ બેઠક માટે ૧૩ ઉમેદવારો, ૪૦ વર્ષથી ઈછી વયની બે બેઠક માટે ત્રણ ઉમેદવાર અને મહિલા બેઠક માટે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. એફજીઆઈ દ્વારા આગામી તા. ૧૨મી ડિસેમ્બરથી મતદાન માટે ૪૦૦ સભ્યોને બેલેટ પેપર મોકલવાની કામગીરી શરૂ કરાશે.

**જૂના હોદ્દેદારોની પેનલ ।** અતુલ પટેલ, અમિત ગોરડીયા, નિલેષ શુક્લા, પરેશ સરૈયા, નરેન્દ્ર વર્મા, ભરત શાહ, વિપુલ ચાવડા, પૂજા રાંકા, તૃપ્તિ સિંઘ, અવંત અમીન અને રૂસ્તમ પટેલ

(નોંધ : ઉપરોક્ત યાદીમાંથી એક બે ઉમેદવાર સ્વતંત્ર ચૂંટણી લડે તેવી ચર્ચા ચાલી રહી છે.)

**યુવાનોની પેનલ ।** કશ્યપ શાહ, મોહન નાયર, અભિષેક દાસગુપ્તા, જી. એસ. પાલીવાલ, અપ્લેશ શાહ, લક્ષ્મણીનારાયણ, હેમલ મહેતા અને સાશ્વત જયકુમાર

**નિવૃત્ત થતાં સભ્યો ।** કશ્યપ શાહ, મોહન નાયર, અભિષેક દાસગુપ્તા, કેતન પરીખ, અમિત ભટનાગર (રાજીનામુ), સૃષ્ટિ ભટનાગર, હેમલ મહેતા, કેયુર શાહ, જનક શેઠ અને અજય રાંકા

**સ્વીચ એક્ઝિબિશન બાદ રૂ. 30 કરોડની FGIની જવાબદારી ?** એફજીઆઇએ ગુજરાત સરકારના સહયોગમાં સ્વીચ એક્ઝિબીશનું યોજ્યું હતું. બે વર્ષ પહેલા યોજાયેલા એક્ઝિબીશનમાં રૂ. 30 કરોડ જેવી જંગી જવાબદારી એફજીઆઇ પર હોવાનું બહાર આવ્યું છે. એફજીઆઇના પૂર્વ પ્રમુખ અમિત પટેલ અને પૂર્વ મેને. કમિટી સભ્ય અમિત ભટનાગરના વહિવટના પગલે આ સ્થિતી સર્જાઇ હોવાનું બહાર આવ્યું છે. હવે એફજીઆઇ વધુ ખાડામાં જતી અટકાવવા જુના હોદ્દેદારો મેદાનમાં આવ્યા છે.

THE TIMES OF INDIA, AHMEDABAD/BARODA
SATURDAY, DECEMBER 8, 2018

## Old guard eyes comeback at FGI

### Managing Committee Polls To Be Held On Dec 27

TIMES NEWS NETWORK



**Vadodara:** Old guards look to be trying to wrest power in Federation of Gujarat Industries (FGI) – one of the biggest industrial bodies in the state.

Elections for the managing committee of FGI are due later this month, but the powerplay has already begun. It is after long time that several candidates have filed nominations for the 10 seats of the managing committee.

"For last four years, young businessmen had taken control of FGI, but this year the old guard is trying to regain its hold. Several big businessmen who have held the FGI president's post are contesting the polls for managing committee this year," said a managing committee member.

Former FGI presidents Amit Goradia and Atul Patel too have filed candidature for the managing committee poll.

Sources in the FGI said that there differences of opinion in the association after industrialist Amit Bhatnagar, who is in jail in bank fraud case, was asked to resign. Another businessman, Amit Patel too was asked to put in his papers from the managing committee after his company approached the NCLT. "But some businessmen who have been named in the prohibition case have been allowed to continue by saying that they haven't been convicted," a managing committee member said.

A senior FGI office-b[earer] said that both Patel a[nd] Bhatnagar were asked to [resign] from the managi[ng] committee as per the rul[es]. He also admitted that the o[ld] guard is trying to stage a c[o]meback this year.

When contacted, FG[I] president Nitin Mankad sa[id] that the polls will be hel[d] on December 27 and the counting is on December 29. "The election is for 10 seats and 19 candidates have filed candidature," Mankad told TOI.

Last year, FGI saw an election for the president's post after nearly decade as two candidates had filed candidature. By FGI norms, usually the senior vice-president takes over as the president.

# MEDIA BUZZ

SANDESH FRIDAY, 28•12•2018

## ૧૦ બેઠક માટે ૧૯ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા

# FGIની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણીનું કાલે પરિણામ

। વડોદરા ।

૧૦૦ વર્ષ પૂરાં કરનારી રાજ્યની એક માત્ર ચેમ્બર ધી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણીનું પરિણામ તા.૨૯મીએ જાહેર થશે. તા.૨૯મીએ સવારથી મત ગણતરી શરૂ થયા બાદ સાંજ સુધીમાં પરિણામ જાહેર થશે. આ વખતની ચૂંટણીમાં એફજીઆઈના જૂના હોદ્દેદારોની પેનલ સામે નવયુવાનોની પેનલ વચ્ચે સ્પર્ધા છે.

બંને પેનલ વચ્ચે પ્રચારનો મુદ્દો પણ એફજીઆઈનું હિત જાળવવા માટેનો રહ્યો હતો. આ ઉપરાંત વ્યક્તિગત સંપર્કો દ્વારા મત મેળવવા પ્રયત્ન પણ થયા હોવાનું બહાર આવ્યું છે.આ ચૂંટણીમાં જનરલ કેટેગરીની ૬ બેઠકો માટે ૧૩, મહિલાઓની ૨ બેઠક માટે ત્રણ અને ૪૦ વર્ષથી ઓછી વયના સભ્યો માટેની ૨ બેઠક માટે ત્રણ ઉમેદવારો છે. મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં ૨ પૂર્વ પ્રમુખોએ પણ ઝંપલાવ્યું છે.

કોર્પોરેટ જગતનાં સૂત્રોના જણાવ્યા મુજબ આ ચૂંટણીમાં બહુમતી જૂના હોદ્દેદારોની પેનલને જ મળશે. જૂના હોદ્દેદારોની પેનલના ૧૦ ઉમેદવારમાંથી સાત કે આઠ ઉમેદવાર વિજેતા તેમ મનાય છે. જ્યારે નવયુવાન ઉમેદવારોની પેનલમાંથી બે કે ત્રણ ઉમેદવારો વિજેતા થશે તેમ મનાય છે. જોકે બંને પેનલની દાવેદારી છેકે તેમની પેનલ જીતશે. બે વર્ષ માટે મેનેજિંગ કમિટીના [illegible] હોય છે.

---

ગુજરાત સમાચાર (સોમવાર, તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૮

## ૨૯ ડિસેમ્બરે ૧૦ બેઠકો માટેના પરિણામ જાહેર થશે

# એફજીઆઈની મેનેજિંગ કમિટિની ચૂંટણીમાં જૂના જોગીઓ સામે યુવાઓની પેનલ

વડોદરા,સોમવાર

મધ્ય ગુજરાતના સૌથી જૂના ઔદ્યોગિક સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝની ચૂંટણીમાં જૂના જોગીઓએ પણ ઝંપલાવ્યુ હોવાથી ઔદ્યોગિક આલમમાં આ ચૂંટણી ચર્ચાનો વિષય બની છે.

## ૩૯૦ જેટલી કંપનીઓ દ્વારા ૨૮ ડિસેમ્બર સુધી પ્રોક્સી વોટિંગ કરાશે

મળતી વિગતો પ્રમાણે કમિટિની ખાલી પડેલી ૧૦ બેઠકો માટે જુના જોગીઓ અને નવી પેઢી વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.જુના જોગીઓમાં અતુલ પટેલ, અમિત ગોરડિયા, નિલેશ શુક્લ, પરેશ સરૈયા, નરેન્દ્ર વર્મા, ભરત શાહ, વિપુલ ચાવડા, તૃપ્તિ સિંઘ, અવંત અમીન અને રુસ્તમ પટેલનો સમાવેશ થાય છે.આ પૈકીના મોટાભાગના ઉમેદવારો [illegible] ગોરડીયા એફજીઆઈના પ્રમુખ અગાઉ રહી ચુક્યા છે.બીજી તરફ યુવા ઉમેદવારોની પેનલમાં કશ્યપ શાહ, અભિષેક દાસગુપ્તા, મોહન નાયર, અલ્પેશ શાહ, લક્ષ્મીનારાયણ, શાશ્વત જયકુમાર, જીએસ પાલીવાલ, કેતન પરીખનો સમાવેશ થાય છે.આમાંથી પણ કેટલાક પેનલ બનાવીને ચૂંટણી લડી રહ્યા છે.

[illegible]ઈમાં ૩૯૦ કંપનીઓ સભ્ય [illegible]ટે પ્રોક્સી વોટિંગ કરાતુ હોય છે.ફેડરેશન દ્વારા કંપનીઓને બેલેટ પેપર મોકલી આપવામાં આવે છે.એ પછી કંપની દ્વારા સીલબંધ કવરમાં પોતાના પ્રતિનિધિ થકી બેલેટ પેપર પાછુ પહોંચાડવામાં આવે છે અથવા તો પોસ્ટ દ્વારા પણ બેલેટ પેપર પાછુ મોકલી આપવામાં આવે છે.કંપનીઓ ૨૮ ડિસેમ્બર સુધી પોતાના મત મોકલી આપી શકશે.એ પછી ૨૯ ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યાતી મતગણતરી કરીને તરત પરિણામ જાહેર કરાશે.

---

SANDESH SUNDAY, 30•12•2018

## જૂના હોદ્દેદારોની પેનલના ૮ અને યુવાનોની પેનલના બે વિજેતા

# FGIની મેનેજિંગ કમિટીમાં જૂના હોદ્દેદારોને જંગી બહુમતી મળી

### બે વર્ષ માટે મેનેજિંગ કમિટીમાં સભ્યો ચૂંટાયા

। વડોદરા ।

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝની મેનેજિંગ કમિટીની ૧૦ સભ્યોની યોજાયેલી ચૂંટણીનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં એફજીઆઈના પૂર્વ હોદ્દેદારોની પેનલનો જંગી બહુમતીથી વિજય થયો હતો. ૨૦૧૬ના ઓક્ટોબરમાં સ્વિચ ગ્લોબલ એક્સ્પોના આયોજન બાદ વિવાદમાં આવેલા એફજીઆઈના સૂત્રધારોના વહીવટ બાદ આ વખતે જૂના હોદ્દેદારોએ પેનલ બનાવી હતી. આ પેનલના ૮ ઉમેદવારો વિજેતા થયા હતા. જ્યારે યુવાનોની પેનલને બે બેઠક મળી હતી. બે વર્ષ માટે ચૂંટાયેલા આ સભ્યોમાંથી હવે આગામી સમયમાં નવા વર્ષના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત વિવિધ કમિટીની રચના કરવામાં આવશે. આ મેનેજિંગ કમિટી ૨૦૧૯ થી ૨૦૨૧ માટેના સમય માટેની રહેશે.

જનરલ કેટેગરીની ૬ બેઠક ઉપર ૧૩ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાંથી જૂના હોદ્દેદારોની પેનલના પાંચ પરેશ સરૈયા, અતુલ પટેલ, નિલેશ શુકલ, અમિત ગોરડિયા, ભરત શાહ વિજેતા થયા હતા. જ્યારે યુવાનોની પેનલના મોહન નાયર જ વિજેતા થયા હતા.

આ ઉપરાંત મહિલા ઉમેદવારોની બે બેઠક ઉપરથી ત્રણ ઉમેદાવારો હતો. જેમાં જૂના હોદ્દેદારોની પેનલનાં એક ઉમેદવાર મિસ પૂજા રાંકા અને યુવાનોની પેનલમાંથી એક ઉમેદવાર હેમલ મહેતા વિજેતા થયાં હતાં. જ્યારે જૂના હોદ્દેદારોની પેનલનાં તૃપ્તિસિંઘનો પરાજય થયો હતો.

જ્યારે ૪૦ વર્ષથી ઓછી વયના સભ્યોની બે બેઠક ઉપર ત્રણ ઉમેદવારો હતા. જેમાં જૂના હોદ્દેદારોની પેનલના અવંત અમીન અને રૂસ્તમ પટેલ વિજયી થયા હતા. જ્યારે યુવાનોની પેનલના શાશ્વત જયકુમારનો પરાજય થયો હતો. આજે ચૂંટણી અધિકારી ગીતા ગોરડિયાએ પરિણામ જાહેર કર્યું હતું.

### પૂર્વ પ્રમુખ અમિત પટેલ અને અમિત ભટનાગરથી એફજીઆઇની છબી ખરડાઇ

FGIના પૂર્વ પ્રમુખ અમિત પટેલ અને સ્વિચ એક્સ્પો કમિટીના સુકાની રહેલા અમિત ભટનાગરના વહીવટથી FGIની છબી ખરડાઇ હતી. FGIનું વર્ચસ્વ ઘટતું હોવાનું બહાર આવતાં બે પૂર્વ પ્રમુખ અમિત ગોરડિયા અને અતુલ પટેલે પેનલ બનાવી હતી. FGIને વેપાર જગતમાં ગૌરવવંતુ સ્થાન અપાશે, તેવો પણ આશાવાદ આ પેનલના વિજેતાઓએ વ્યક્ત કર્યો હતો.

### શતાબ્દી વર્ષમાં પીએમને લાવવા પૂર્વ શાસકોએ સ્વપ્ન જોયાં હતાં

એફજીઆઇના પૂર્વ શાસકોએ એફજીઆઇના શતાબ્દી વર્ષની ઉજવણી ચાલે છે ત્યારે વડાપ્રધાનને વડોદરા બોલાવીને ઉજવણીનો પ્રારંભ કરવા માટે સ્વપ્નો જોયાં હતાં. જોકે આ વર્ષે આવો કોઇ જ મહત્ત્વનો કાર્યક્રમ એફજીઆઇ કરી ન શકી હોવાનો પણ પ્રચાર થયો હતો.

### રિકાઉન્ટિંગ કર્યા બાદ પણ પરિણામમાં કોઇ ફેર ન પડ્યો

FGIની ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે રિકાઉન્ટિંગ કરવામાં આવ્યું હતું. જોકે આ રિકાઉન્ટિંગ બાદ પણ પરિણામમાં કોઇ જ ફેરફાર થયો ન હતો. આઠ મતની સરસાઇથી મોહન નાયરનો છઠ્ઠા ક્રમે વિજય થયો હતો. મોહન નાયરને ૯૬૯ મત મળ્યા હતા. જ્યારે વિપુલ ચાવડાને ૯૬૧ મત મળ્યા હતા.

### કોને કેટલા વોટ મળ્યા ?

| જનરલ કેટેગરી (૬ બેઠક) | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું નામ | મત | ઉમેદવારનું નામ | મત |
| (૧) અતુલ પટેલ | ૧૨૫૧ | (૭) વિપુલ ચાવડા | ૯૬૧ |
| (૨) પરેશ સરૈયા | ૧૨૩૬ | (૮) કશ્યપ શાહ | ૯૫૩ |
| (૩) નિલેશ શુક્લ | ૧૧૫૨ | (૯) અલ્પેશ શાહ | ૮૨૩ |
| (૪) અમિત ગોરડિયા | ૧૧૨૮ | (૧૦) જી.એસ. પાલીવાલ | ૮૧૨ |
| (૫) ભરત શાહ | ૧૦૫૧ | (૧૧) અભિષેક દાસગુપ્તા | ૭૯૮ |
| (૬) મોહન નાયર | ૯૬૯ | (૧૨) લક્ષ્મીનારાયણ | ૬૩૨ |
| | | (૧૩) નરેન્દ્ર વર્મા | ૧૨૨ |

| મહિલા ઉમેદવારો (૨ બેઠક) | | ૪૦ વર્ષથી ઓછી વય (૨ બેઠક) | |
|---|---|---|---|
| (૧) મિસ પૂજા રાંકા | ૧૩૧૫ | (૧) અવંત અમીન | ૧૨૬૯ |
| (૨) હેમલ મહેતા | ૧૧૨૯ | (૨) રૂસ્તમ પટેલ | ૧૨૫૩ |
| (૩) તૃપ્તિ સિંઘ | ૧૦૩૯ | (૩) શાશ્વત જયકુમાર | ૭૧૭ |

---

SUNDAY TIMES OF INDIA, AHMEDABAD/BARODA
DECEMBER 30, 2018

# Old guard dominates FGI managing committee polls

TIMES NEWS NETWORK

Vadodara: The old guard dominated the Federation of Gujarat Industries (FGI) managing committee polls for which the counting took place on Saturday. The results for all the 10 members of the managing committee were announced on Saturday afternoon. The voting was done on December 27.

In the general category of the managing committee, Enviro Infrastructure Co Ltd chairman Atul Patel, Transpex Silox Industry Pvt Ltd managing director [illegible]



Goradia, Gautam Infin Ltd managing director Bharat Shah and Sabari Chemicals Pvt Ltd MD Mohan Nair, were elected.

Two women candidates who were successful in the polls include director of Zydex Industries Ltd Pooja [illegible] lyform Pvt Ltd director Rustom Patel were elected on the two seats for candidates below the age of 40 years.

In all, 19 candidates were in the fray and the contest had emerged as the one between the old guard that included Patel and Goradia who are former FGI presidents. The other group was once led by Amit Bhatnagar of Diamod Power Infrastructure, who is now in judicial custody in connection with a bank loan fraud and Amit Patel of Danke Industries.

Bhatnagar had to resign [illegible]

---

ગુજરાત સમાચાર રવિવાર, તા.૩૦ ડિસેમ્બર, ૨૦૧૮

## મતગણતરી બાદ ૧૦ બેઠકો માટે સાંજે પરિણામ જાહેર કરાયા

# એફજીઆઈની મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં જૂના જોગીઓની પેનલ મેદાન મારી ગઈ

વડોદરા,શનિવાર

મધ્ય ગુજરાતના ઉદ્યોગોના સૌથી જૂના સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝની મેનેજિંગ કમિટીની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીની આજે મતગણતરી બાદ સાંજે પરિણામ જાહેર કરાયા હતા.જેમાં જૂના જોગીઓની પેનલ મેદાન મારી ગઈ હતી.

## ૧૦ પૈકીની ૮ બેઠકો પર જૂના જોગીઓનો વિજય: અમિત ભટનાગરના સ્વિચ એક્સપોના આયોજનમાં એફજીઆઈની છબી ખરડાઈ હોવાના મુદ્દે પ્રચાર થયો હતો

[illegible]

| વિજેતા ઉમેદવારો | |
|---|---|
| જૂના જોગીઓની પેનલ | |
| અતુલ પટેલ | ૧૨૫૧ |
| પરેશ સરૈયા | ૧૨૩૬ |
| નિલેશ શુક્લા | ૧૧૫૨ |
| અમિત ગોરડિયા | ૧૧૨૮ |
| ભરત શાહ | ૧૦૫૧ |
| પૂજા રાન્કા | ૧૩૧૫ |
| અવન્ત અમીન | ૧૨૬૯ |
| રુસ્તમ પટેલ | ૧૨૫૩ |
| યુવા પેનલમાંથી વિજેતા | |
| હેમલબેન મહેતા | ૧૧૨૯ |
| મોહન નાયર | [illegible] |

---

દિવ્ય ભાસ્કર વડોદરા, રવિવાર, 30 ડિસેમ્બર, 2018

## 10 બેઠક માટે 19 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી

# FGI ની મેનેજિંગ કમિટીમાં 10 પૈકી 8 બેઠક પર જૂના જોગી જીત્યા

## મહિલા અનામતની બેઠક પર પૂજા રંકાએ 1315 મત મેળવ્યા

સીટી રિપોર્ટર | વડોદરા

તાજેતરમાં જ પોતાના 100 વર્ષ પૂર્ણ કરનાર ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝની મેનેજીંગ કમિટીના 10 સભ્યોની ચૂંટણીનું શનિવારના રોજ પરિણામ જાહેર થયું હતું. જોકે જુના હોદ્દેદારોની પેનલ સામે નવયુવાનોની પેનલ વચ્ચે જુના હોદ્દેદારો ફાવી ગયા હતા. 10 બેઠક માટે 19 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. 10 બેઠક પૈકી 8 બેઠકો પર જુના હોદ્દેદારોએ જીત મેળવી હતી, જ્યારે બે નવા ચહેરાઓએ મેનેજીંગ કમિટીમાં સ્થાન મેળવ્યું છે.

ગુજરાતમાં 100 વર્ષથી વધુનો ભૂતકાળ ધરાવતી એફ.જી.આઈ ની મેનેજીંગ કમિટીની કુલ 10 બેઠકો માટે મતદાન થયું હતું. આ 10 બેઠકોમાંથી 6 જનરલ બેઠકો માટે 13, મહિલા અનામતની 2 બેઠકો માટે 3 અને 40 વર્ષથી ઓછી વયના સભ્યો માટેની 2 બેઠક માટે 3 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. જેમાં સૌથી વધુ મત સાથે મહિલા અનામતની બેઠક પર ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર પૂજા રંકાએ 1315 મત સાથે વિજય મેળવ્યો હતો. જ્યારે કુલ બે પેનલ પૈકી જુના હોદ્દેદારોની પેનલમાંથી 8 અને નવયુવાનોની પેનલમાંથી 2 સભ્યોએ મેનેજીંગ કમિટીમાં સ્થાન મેળવ્યું છે. આ નવનિયુક્ત હોદ્દેદારો હવે આગામી 2 વર્ષ સુધી કમિટીના સભ્યપદે રહેશે.

### કોણે કેટલા વોટ મળ્યા

- અમિત ગોરડિયા 1128
- અતુલ પટેલ 1251
- ભરત શાહ 1051
- નિલેશ શુક્લા 1152
- પરેશ સરૈયા 1236
- મોહન નાયર 969

### અનામત બેઠક

- હેમલ મહેતા 1129
- પૂજા રંકા 1315
- અવંત અમીન 1269
- રૂસ્તમ પટેલ 1253

---

લોકસત્તા જનસત્તા

રવિવાર
૩૦ ડિસેમ્બર, ૨૦૧૮
વડોદરા

## મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર

# FGIમાં જૂના હોદ્દેદારોની પેનલના ૮ સભ્યોનો વિજય

## ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવારો મેદાનમાં હતા

વડોદરા, તા.૨૯

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની યોજાયેલી ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરાતાં જૂના હોદ્દેદારોની પેનલના ૮ સભ્યોનો તો નવયુવાનોની મનાતી પેનલના બે સભ્યોનો વિજય થયો હતો. આમ, એફજીઆઈમાં જૂના સભ્યોએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે.

૧૦૦ વર્ષ પૂરાં કરનાર રાજ્યની એકમાત્ર ચેમ્બર એવી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝની મેનેજિંગ કમિટીના ૧૦ સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં જનરલ કેટેગરીની ૬ બેઠકો માટે ૧૩, મહિલાઓની બે બેઠકો માટે ૩ અને ૪૦ વર્ષથી ઓછી વયના સભ્યો માટેની ૨ બેઠકો માટે ૩ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાં બે પૂર્વ પ્રમુખોનો પણ સમાવેશ થાય છે.

ચૂંટણીમાં બંને પેનલોએ જોરદાર પ્રચાર કર્યો હતો. જો કે, પ્રચારનો મુદ્દો એફજીઆઈનું હિત જાળવવાનો રહ્યો હતો. ચૂંટણીમાં જૂના હોદ્દેદારો અને યુવાનોની પેનલ વચ્ચે જંગ જામે તેવી શક્યતા વચ્ચે અતુલ પટેલની આગેવાની હેઠળની હોદ્દેદારોની પેનલના ૮ ઉમેદવારોનો તો બીજી પેનલના ૨ ઉમેદવારોમાં મોહન નાયર અને હેમલ મહેતાનો વિજય થયો હતો. ફેડરેશનનું શતાબ્દિ વર્ષ ચાલી રહ્યું છે, ત્યારે આગામી દિવસોમાં કેવી રીતે વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થાય છે તે હવે નવી બોડી નક્કી કરશે.

### ૧૦ સભ્યોમાં કોણ કોણ ચૂંટાયા?

- જનરલ કેટેગરી (૬ બેઠકો) અતુલ પટેલ, પરેશ સરૈયા, નીલેશ શુકલા, અમિત ગોરડિયા ભરત શાહ, મોહન નાયર
- મહિલાઓ (૨ બેઠકો) પૂજા રાન્કા, હેમલ મહેતા
- ૪૦ વર્ષથી નીચે (૨ બેઠકો) અવંત અમીન, રૂસ્તમ પટેલનો સમાવેશ થાય છે.